# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૪૫૬૩-૧ તારીખ : ૩૦ - ૦૬ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

નારણભાઈ જાદવજીભાઈ પટેલ

C/o. આદિત્ય એસોસિએટસ, ૧૦, ભક્તિનગર સોસાયટી, ધારેશ્વર મંદિરની પાછળ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૨

મોબાઈલ : ૯૪૨૬૧૬૫૦૬૨

વિષય : ઔદ્યોગિક વીજ જોડાણ નં. ૩૧૫૦૧/૫૭૯૫૧/૭ (૨૦ હો.પા.) અને લાઈટીંગ વીજ જોડાણ નં. ૩૧૫૦૬/૦૭૪૨૬/૦ ના શીફટીંગ અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૮-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૧/૨૨-૨૩/૪૫૬૩-૬ તા. ૩૦/૦૬/'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૩/ક્વા-૧/૨૨-૨૩**

અરજદાર : નારણભાઈ જાદવજીભાઈ પટેલ ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : ઉદ્યોગનગર

રજૂઆત કરનાર : અરજદાર નારણભાઈ જાદવજીભાઈ બાબીયા અને તેમની સાથે ભદ્રાયુ નારણભાઈ બાબીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એન.ડી.રૂઘાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ તેમજ શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય રાજકોટ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) -શ્રી ડી.વી.લાખાણી

૩) સભ્ય (સ્વતંત્ર) -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૭.૦૬.૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧.૦૫.૨૦૨૨ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર નારણભાઈ જાદવજીભાઈ બાબીયા અને તેમની સાથે ભદ્રાયુ નારણભાઈ બાબીયા હાજર રહેલ હતા તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી એન.ડી.રૂઘાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ તેમજ શ્રી આર.પી.અઘેરા, નાયબ ઈજનેર (ટેક), પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય રાજકોટ હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેઈસની ફરી વખત સુનાવણી તા.૦૭.૦૬.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારે નીચે પ્રમાણે મુદ્દાસર રજૂઆત કરેલ છે.

1. અરજદારના વીજજોડાણો જે તંતી ફાઉન્ડ્રી, ઉમાકાંત ઉદ્યોગ નગર રાજકોટ (ઉદ્યોગ નગર સબ ડિવિઝન) માં હતા તેનું શિફ્ટિંગ પ્લોટ નંબર ૨૨, જયકૃષ્ણ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ c/o અમૃત ટેક્નો

કાસ્ટ પ્રા. લી. એ જગ્યામાં કરવા માટે તા.૨૭-૦૩-૧૯૯૮ ના રોજ નિયત ફોર્મમાં શાપર-વેરાવળ પેટાવિભાગમાં અરજી આપેલ.

2. અરજદારે તા.૨૭-૧-૧૯૯૮ ના રોજ નાયબ ઈજનેર કચેરી ઉદ્યોગ નગર પેટાવિભાગને સદર વીજજોડાણો બંધ કરીને મીટર ઉપાડી લેવા માટે વિનંતી કરતો પત્ર આપેલ છે.

3. જે તે સમયના ઉદ્યોગનગર પેટાવિભાગે આપેલ વીજ બીલોની નકલ સામેલ છે આ બધાજ બિલો વપરાશ વગર મીનીમમ ચાર્જ તથા બીજા ચાર્જ ઉપર 30% ના દરે વ્યાજ + પેનલટી લગાવવામાં આવેલ. જે આપ ગણતરી કરી શકો છો.

4. શાપર-વેરાવળ પેટાવિભાગ દ્વારા ઉદ્યોગનગર પેટાવિભાગનું **NO DUE CERTIFICATE** માંગવામાં આવતા તા.૧૬-૬-૧૯૯૮ ના રોજ ઉદ્યોગનગર પેટાવિભાગમાં રસીદ નંબર ૮૫૫૯૦ થી રૂ.૫૦૫૫.૦૦ તથા રસીદ નં.૮૫૫૯૧ થી રૂ.૧૩૦.૦૦ ભરી **NO DUE CERTIFICATE** મેળવીને તેજ દિવસે તે **NO DUE CERTIFICATE** શાપર-વેરાવળ પેટાવિભાગમાં આપેલા હતા.

5. ઉદ્યોગનગર પેટાવિભાગમાં **NO DUE CERTIFICATE** માંગતી વખતે તા.૧૬-૬-૧૯૯૮ ના રોજ ફરીને જુના વીજજોડાણના મીટરો ઉતારી લેવા વિનંતી કરેલ છે.

6. તા.૧૬-૬-૧૯૯૮ ના રોજ ઉદ્યોગનગર પેટાવિભાગ દ્વારા અપાયેલ **NO DUE CERTIFICATE** માં સ્પષ્ટ રીતે "શીફ્ટીંગ એટ શાપર" તે ઓફિસે જાતે લખેલ હોવા છતાં તે પેટા-વિભાગે મીટરો ઉતારવાની કાર્યવાહી અરજદારની અનેક વખત રૂબરૂ તથા લેખિત રજૂઆતો કરવા છતાં કરી ન હતી. તેમજ શાપર-વેરાવળ પેટાવિભાગને તે **NO DUE CERTIFICATE** રજુ કરવા છતાં તેમના દ્વારા વીજ-જોડાણ આપવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી.

7. શીફ્ટીંગ માટે અરજદારને પર શાપર-વેરાવળ પેટાવિભાગ દ્વારા નિયત ભાવપત્રક તા.૨૨-૦૭-૧૯૯૮ ક્રમાંક R.C.D No. 09362 & 09363 આપવામાં આવેલ છે જેની નકલ રજુ કરેલ છે.

8. સદર ભાવપત્રકોના અનુસંધાને અરજદારે શાપર-વેરાવળ પેટાવિભાગની ઓફિસ જે તે સમયે શેડ નં.૨૮ ઉદ્યોગનગર આવેલ હતી ત્યાં તા.૧૪-૯-૧૯૯૮ ના રોજ પૈસા ભરેલા હતા રસીદોની નકલ રજુ કરેલ છે.

9. અનેક વખતની રજૂઆતો બાદ અંતે પર શાપર-વેરાવળ ઔદ્યોગિક પેટાવિભાગ દ્વારા પત્ર ક્રમાંક ૩૧૯૯ તા.૦૨-૦૨-૨૦૦૦ ના રોજ ઉદ્યોગનગર પેટાવિભાગને લખેલ પત્રની નકલ અરજદારને આપવામાં આવેલ જેમાં હકીકતથી વિપરીત ખોટું બહાનું બતાવીને લખવામાં આવેલ છે કે "વીજજોડાણ માટેનું વાયરીંગ કામ સ્થળ તપાસ મુજબ તા.૩૧-૦૧-૨૦૦૦ ના રોજ પૂર્ણ કરેલ છે, તો હવે આ બંને વીજજોડાણો આપના તરફથી અત્રે ફેરવવાની કાર્યવાહી કરવામાં આવે તો અત્રેની કચેરીની દ્રષ્ટિએ હરકત સરખું નથી." આ દ્વારા એટલું તો ચોક્કસપણે સાબિત થઇ ગયું કે તા.૧૬-૦૬-૧૯૯૮ નું ઉદ્યોગનગર પેટાવિભાગ દ્વારા આપાયેલ **NO DUE CERTIFICATE** શાપર-વેરાવળ ઔદ્યોગિક પેટાવિભાગ પાસે હતું આમ છતાં બંને પેટા વિભાગે કોઈપણ કામગીરી કરેલ ન હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

10. તા.૨૨-૧૨-૨૦૦૦ ના રોજ અરજદારની સહયોગી પેઢી અમૃત ટેક્નો કાસ્ટ પ્રા.લી. પર વીજચોરીનું રૂ.૫૪,૬૧,૪૮૯.૯૫ નું બિલ આપવામાં આવેલ જે અરજદાર એપેલેટમાં જતા રૂ.૭,૫૦,૪૮૮.૬૦ નું થયેલ. તે કેસ પેટે અરજદાર દ્વારા રૂ.૨૪,૧૭,૮૮૭.૦૦ તા.૧૬-૦૩-૨૦૧૯ ના રોજ તથા રૂ.૧,૯૬,૦૮૫.૦૦ તા.૩૦-૦૮-૨૦૧૯ ના રોજ રાજકોટ ગ્રામ્ય પેટાવિભાગમાં ભરપાઈ કરેલ છે.

11. અરજદાર પાસે શાપર-વેરાવળ પેટાવિભાગ દ્વારા નવું **NO DUE CERTIFICATE** માંગવામાં આવતાં તા.૦૪-૦૧-૨૦૦૧ ના રોજ રૂ.૫૪૫૮૫.૦૦ પહોંચનં. ૧૮૯૩૫, રૂ.૧૦૫૦.૦૦ પહોંચનં.૧૮૯૩૬, રૂ.

૧૮૫૪.૦૦ પહોંચનં. ૩૮૧૦૯ થી અરજદાર પાસેથી વસૂલ કરીને બીજું નવું NO Demand Certificate ઉદ્યોગનગર પેટાવિભાગે આપેલ. જે અરજદાર દ્વારા શાપર-વેરાવળ પેટાવિભાગમાં રજુ કરવામાં આવેલ. જે દરેક પહોચોની નકલ અરજદારે સદર અરજી સાથે રજુ કરેલ છે.

12. તા.૧૧-૦૧-૨૦૦૧ ના રોજ બંને મીટરોના લેબોરેટરી ટેસ્ટ રિપોર્ટ તથા તા.૧૫-૦૧-૨૦૦૧ નો નાયબ ઇજનેર ઉધોગનગર પેટાવિભાગનો પત્ર રજુ કરેલ છે.

13. નવું NO DUE CERTIFICATE બંને મીટરોના લેબોરેટરી ટેસ્ટ રીપોર્ટ તથા નાયબ ઇજનેર, ઉદ્યોગનગર પેટાવિભાગનો પત્ર આપતાં તા.૦૮-૨-૨૦૦૧ નાયબ ઇજનેરશ્રીએ નાયબ ઇજનેરની કચેરી, ગુ.વી. બોર્ડ, શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીમાં શેડ નં. ૨૮, ઉધોગનગર, રાજકોટ-૩૬૦૦૦૨ ના પત્રક્રમાંક ૨૩૮૮, દ્વારા કાર્યપાલક ઈજનેર સીટી ડીવિઝન-૨, જીઇબી રાજકોટને લખેલ પત્રની નકલ આ સાથે સામેલ છે જેમાં તેમણે સદંતર સાવ ખોટી વિગત ઇરાદાપૂર્વક લખેલ છે કે, "તા.૧૪-૦૯-૧૯૯૮ ના રોજ ભરપાઈ કરીને એગ્રીમેન્ટ કરેલ તે દરમિયાન તેમની પાસે ઉદ્યોગનગર સ.ડી. નું નો-ડયુ સર્ટીફિકેટ માંગતા તેઓએ અત્રેની કચેરીએ રજુ કરેલ નહીં આથી તેમના શિફ્ટિંગ કનેક્શનનું કામ હાથ ઉપર લેવામાં આવેલ નહીં. તો પછી તા.૨-૨-૨૦૦૦ પત્ર ક્રમાંક ૩૧૯૯ માં તા.૩૧-૧-૨૦૦૦ ના રોજ વાયરીંગનું કામ સ્થળ તપાસ મુજબ કરેલ છે અને વીજ જોડાણો આપના તરફથી અત્રે ફેરવાની કાર્યવાહી કરવામાં આવે તો વાંધા સરખું નથી." તે લખાણનું શું?

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

અરજદારે રજુ કરેલ તા.૧૬-૬-૧૯૯૮ નું No Due Certificate ખુબજ સિફતથી ઇરાદાપૂર્વક જૂઠું લખીને વિકૃત રજૂઆત કરેલ છે જાણે કે તે વખતે ભરાયેલ પૈસા, પહોંચો, પત્રનું કોઈ અસ્તિત્વ જ નથી.

14. તા.૯-૨-૨૦૦૧ ના રોજ Executive Engineer (O&M), RCD-2 રાજકોટ પત્ર ક્રમાંક ૧૫૪૮ દ્વારા Superintending Engineer (O&M), GEB, Circle Office Rajkot ને લખેલ પત્રની નકલ રજુ કરેલ છે.

15. તા.૧૫-૨-૨૦૦૧ નો અરજદારે લખેલ નાયબ ઇજનેર, શાપર-વેરાવળ સબ ડિવિઝન, ગુ. વિ.બોર્ડ નો પત્ર રજુ કરેલ છે.

16. તા.૨૮-૨-૨૦૦૧ ના રોજ અરજદારે કલેકટરશ્રી, રાજકોટ, સુપ્રીન્ટેન્ડિંગ એન્જીનીયર, ગુ.વી.બોર્ડ, રાજકોટ સર્કલ તથા રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખને આ બાબતે લખેલ પત્રો રજુ કરેલ છે.

17. આ અંગેનો જવાબ તા.૨૨-૩-૨૦૦૧, પત્ર ક્રમાંક ૨૫૫૨ શ્રી એમ. એલ. જોષી, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગ-૨, રાજકોટ દ્વારા અધિક્ષક ઇજનેર વતી પ્રમુખ શ્રી, રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન ને આપાયેલ છે તેમાં પણ એજ જુઠાણું "ગ્રાહક શ્રી દ્વારા તેમના હૈયાત વિજ જોડાણ અંગે જરૂરી 'no due certificate' રજુ કરવામાં વિલંબ થતાં શીફટિંગ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી શકાઇ નહોતી. આ સમયગાળા દરમિયાન શાપર-વેરાવળ ખાતે જે જગ્યાએ શીફટિંગ માગવામાં આવેલ તે જગ્યાએ વીજચોરી પકડાતા શિફ્ટિંગ અંગે કાર્યવાહી હાથ ધરી શકાય નહીં." આમ કાર્યપાલક ઇજનેરશ્રી એમ.એલ.જોષી એ પણ તા.૧૬-૬-૧૯૯૮ ના "નો-ડયુ સર્ટિફિકેટ"ની વાત સાવ જૂઠું લખીને ટાળેલ છે.

18. અરજદારનો પત્ર તા.૧૬-૪-૨૦૦૧ ગુ. વિ.બો. ના ચેરમેન શ્રી નલીનભાઇને આપેલ છે તેની નકલ રજુ કરેલ છે.

19. સદર બાબતે વડોદરા (મુખ્ય ઇજનેર- વીજ વિતરણ) તા.૨૪-૪-૨૦૦૧ નં ૪૫૨૩ દ્વારા જવાબની નકલ રજુ કરેલ છે.

20. મુખ્ય ઇજનેર (વીજ વિતરણ) ગુ. વિ.બો., વડી કચેરી, વડોદરાને આપેલ જવાબ તા.૦૭-૫-૦૧ ની નકલ રજુ કરેલ છે.

21. અધિક્ષક ઈજનેર (O&M) સર્કલ ઓફિસનો પત્ર નં. ૨૩૦૯ તા.૦૭-૬-૨૦૦૧ જેમાં શીફટિંગ અંગે કાર્યવાહી ન કરી શકાય તે બાબતની નકલ રજુ કરેલ છે.

22. ઉપરોક્ત બાબતે અધિક્ષક ઇજનેર - સર્કલ ઓફિસને જવાબ તા.૨૫-૬-૨૦૦૧ થી આપેલ છે તેની નકલ રજુ કરેલ છે.

23. અધિક્ષક ઈજનેર સર્કલ દ્વારા શીફટિંગ અંગે ના પાડવાના સામે અરજદારના જવાબનો કોઈ પ્રત્યુતર નહી મળતા અરજદારે તા.૨૩-૮-૨૦૦૧ ના પત્ર દ્વારા બંને સબ ડિવિઝનોમાં ભરેલ પૈસા વ્યાજ સહિત માંગેલ તેની નકલ રજુ કરેલ છે.

24. તા.૦૭-૦૯-૨૦૦૧નો અરજદારનો નાયબ ઇજનેર શાપર-વેરાવળ પેટાવિભાગને પૈસા પરત વ્યાજ સહિત આપવા માટેના પત્રની નકલ રજુ કરેલ છે.

25. તા.૦૭-૦૯-૨૦૦૧નો અરજદારનો નાયબ ઇજનેર, ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી ને ભરેલ પૈસા વ્યાજ સહિત પરત કરવા અંગેના પત્રની નકલ રજુ કરેલ છે.

26. તા.૦૭-૧૦-૨૦૦૧ અરજદારે તેઓની પાસે રહેલ ઓરીજનલ પહોંચો શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી દ્વારા માંગવામાં આવતા તે પહોંચોની ઓરીજનલ નકલો ત્યાં રજુ કરીને વ્યાજ સહિત પૈસા પરત માંગેલ તે અંગેના પત્રની નકલ રજુ કરેલ છે.

27. તા.૨૫-૧૦-૨૦૦૧ શાપર-વેરાવળ સબ ડિવિઝને **Advance Stamped Receipt** માંગતા અરજદારે નં. 503 થી રસીદ આપેલ તેની નકલ રજુ કરેલ છે.

28. આ પ્રમાણે અરજદારે તે જ દિવસે એ જ તારીખે ઉદ્યોગ નગર સબડિવિઝને ઓરીજનલ પહોંચો તા.૭-૧૦-૨૦૦૧ ના રોજ તથા એડવાન્સ સ્ટેમ્પડ રીસીપ તા.૨૫-૧૦-૨૦૦૧ના રોજ આપેલ તેના પત્રો અરજદાર પાસે ઉપલબ્ધ નથી.

29. અરજદાર પાસેની ઓરીજનલ રસીદો તા.૦૭-૧૦-૨૦૦૧ ના રોજ તથા પેમેન્ટ મેળવવા એડવાન્સ રિસીપ તા.૨૫-૧૦-૨૦૦૧ ના રોજ શાપર-વેરાવળ સબ ડિવિઝનમાં આપવા છતાં પૈસા પરત ન મળતા અરજદારે લખેલ પત્ર તા.૧૫-૦૧-૨૦૦૨ ની નકલ રજુ કરેલ છે.

30. તા.૧૯-૧-૨૦૦૨ નો પત્ર નં.૯૬૭૬ એક્ઝિક્યુટીવ એન્જિનિયર (O&M), ગુ.વિ.બો., સિટી ડિવિઝન-૨ દ્વારા લખાયેલ પત્ર જેમાં તેમણે પૈસા પરત આપવાની ના પાડેલ.

31. આ પ્રમાણે તારીખ ૭-૨-૨૦૦૧ ના રોજ અધિક્ષક ઇજનેર દ્વારા શિફ્ટીંગની ના પાડવામાં આવેલ અને બંને પેટા વિભાગોમાં ઓરીજનલ રસીદો તથા એડવાન્સ સ્ટેમપડ રસીદો જમાં કરાવવા છતાં તા.૧૯-૧-૨૦૦૨ ના રોજ સીટી ડિવિઝન-૨ ના એક્ઝિક્યુટીવ એન્જિનિયરશ્રીએ પૈસા પરત આપવાની ના પાડતા, અરજદારે તા.૨૨-૧૨-૨૦૦૦ ના કેસના ચુકાદા મુજબ તા.૧૬-૦૩-૨૦૧૯ ના રોજ તથા તા.૩૦-૦૮-૨૦૧૯ ના રોજ ગ્રામ્ય વિભાગમાં પૈસા ભરીને પછી નીચે મુજબના પત્રો લખેલ છે.

a. તા.૨૦-૧-૨૨ ના નાયબ ઇજનેર શ્રી (રૂરલ)
b. તા.૫-૨-૨૨ નાયબ ઇજનેર શ્રી શાપર-વેરાવળ પેટાવિભાગ
b. તા.૫-૨-૨૨ નાયબ ઇજનેર શાપર-વેરાવળ પેટાવિભાગનો જવાબ
c. તા.૧૦-૨-૨૨ નાયબ ઇજનેર શાપર-વેરાવળ પેટાવિભાગનો જવાબ
c. તા.૧૦-૨-૨૨ નાયબ ઇજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરીનો
d. તા.૧૭-૨-૨૨ કાર્યપાલક ઇજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરીનો
d. તા.૧૭-૨-૨૨ પી.જી.વી.સી.એલ. ના MDને લખેલ પત્ર તથા રૂબરૂ મુલાકાત
e. તા.૧૭-૨-૨૨ પી.જી.વી.સી.એલ. ના MDને લખેલ પત્ર તથા રૂબરૂ મુલાકાત

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

f. તા.૨૪-૨-૨૨ કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરીને અરજદારનો પત્ર

32. આ પ્રમાણે અરજદારે નીચે મુજબ પૈસા પી.જી.વી.સી.એલ.ના બંને પેટા વિભાગોમાં ભરેલ છે.

- તા.૧૨-૫-૧૯૮૭ રૂ.૪૩૨૦.00 ઉદ્યોગનગર પેટાવિભાગ
- તા.૧૬-૬-૧૯૯૮ રૂ.૧૩૦.00 ઉદ્યોગનગર પેટાવિભાગ
- તા.૧૬-૬-૧૯૯૮ રૂ.૫૦૫૫.00 ઉદ્યોગનગર પેટાવિભાગ
- તા.૦૪-૦૧-૨૦૦૧ રૂ.૫૭૪૮૯.00 ઉદ્યોગનગર પેટાવિભાગ
- તા.૨૭-૩-૧૯૯૮ રૂ.૧૨૫.00 શાપર-વેરાવળ પેટાવિભાગ
- તા.૧૪-૯-૧૯૯૮ રૂ.૭૩૬૫.00 શાપર-વેરાવળ પેટાવિભાગ

33. આ સાથે ઉદાહરણ સ્વરૂપે નક્કર હકીકત રજુ કરીએ છીએ. અરજદારનું ખેતીવાડી કનેકશન જે સેજકપર તા.સાયલા, જી. સુરેન્દ્રનગર નારણભાઈ જાદવજીભાઈ બાબીયાના નામથી આવેલ છે તે P.D.C થતાં તે અંગેનો પત્ર વ્યવહાર છે જેમાં નાયબ ઈજનેર સાયલા પેટા વિભાગીય કચેરીએ સ્પષ્ટ જણાવેલ છે કે, "તા.૩૧-૩-૨૦૧૯ ના રોજ બાકી રકમ રૂ.૪૧૧૩.૮૦ હોય, નોન પેમેન્ટ કેસમાં કાયમી ધોરણે મીટર ઉતારી મીટર ઉતારી વીજકનેક્શન નિયમ પ્રમાણે રદ કરેલ છે. ત્યારબાદ આપશ્રી દ્વારા તા.૧૧-૬-૨૦૨૧ ના રોજ કુલ બાકી રકમ રૂ.૧૦૩૦૦.00 થી વીજકનેક્શનની બાકી રકમ ભરપાઈ કરેલ છે." આમ બે વર્ષ ત્રણ માસના ગાળામાં તમારા દ્વારા લગભગ ૩૦ ટકા વ્યાજના ધોરણ પૈસા ચડાવેલ છે.

34. ઉપરોક્ત PDC થયેલ વીજજોડાણ જે ૨૦ HP નું હતું તે પેટે

- તા.૨૪-૦૮-૨૦૧૮ ના રોજ રૂ.૯૨૦૦.00
- તા.૩૧-૩-૨૦૧૯ ના રોજ રૂ.૪૧૧૩.00
- તા.૧૧-૬-૨૦૨૧ ના રોજ રૂ.૧૦૩૦૦.00

ભરવા છતાં આ વીજજોડાણ PDC-RC કરાવતા અરજદારને તા.૨૨-૩-૨૦૨૨ ના રોજ ફરીને રૂ.૨૭૪૯૮.00 પી.જી.વી.સી.એલ. સાયલા કચેરીમાં રસીદ નં.૬૬૩૧૩૩/૪/૫ થી ભરપાઈ કરવા પડેલ. ઉપરોક્ત કનેક્શનમાં ફક્ત મીટર જ લગાવવાનું હતું છતાં ઉપર મુજબ પૈસા લેવાયેલ છે.

35. અરજદારનો કહેવાનો મતલબ એવો છે કે જી.ઈ.બી. કે પી.જી.વી.સી.એલ.ના બનાવેલા નિયમ ફક્ત અને ફક્ત પોતાના લાભ તથા ફાયદા માટેના એકતરફી હોય છે આ નિયમો તથા ગ્રાહકની મજબૂરી તેમજ અજાણતા અને અજ્ઞાનનો લાભ લઇ જી.ઇ.બી./પી.જી.વી.સી.એલ. ગ્રાહકોને છેતરે છે. જી.ઇ.બી./પી.જી.વી.સી.એલ. દ્વારા બનાવવામાં આવેલ નિયમોએ કાયદો નથી માટે અરજદારની વિનંતી છે કે પી.જી.વી.સી.એલ. ગ્રાહકોને લુંટવાનું અને છેતરવાનું બંધ કરે.

36. અરજદારની રજૂઆત મુજબ તા.૩૧-૦૫-૨૦૦૨ ની કટ ઓફ તારીખ ગણાતા ત્રીસ ટકા વ્યાજ પ્રમાણે પી.જી.વી.સી.એલ. એ નીચે મુજબની રકમ અરજદારને ચૂકવવા માટે બંને પેટાવિભાગોને સૂચના આપવા વિનંતી કરેલ છે.

| તારીખ | મૂળ રકમ રૂ. | સમયગાળો (વર્ષ) | વ્યાજ સહીત રકમ રૂ. |
|---|---|---|---|
| ૧૨-૦૫-૧૯૮૭ | ૪૮૯૦.00 | ૩૫ | ૫૬૨૩૫.00 |
| ૧૬-૦૬-૧૯૯૮ | ૧૩૦.00 | ૨૪ | ૯૩૬.00 |
| ૧૬-૦૬-૧૯૯૮ | ૫૦૫૫.00 | ૨૪ | ૩૬૩૯૬.00 |
| ૦૪-૦૧-૨૦૦૧ | ૫૭૪૮૯.00 | ૨૧ વર્ષ ૦૫ માસ | ૩૭૦૮૦૫.00 |
| ૨૭-૦૩-૧૯૯૮ | ૧૨૫.00 | ૨૪ | ૯૦૦.00 |
| ૧૪-૦૯-૧૯૯૮ | ૭૩૬૨.00 | ૨૪ | ૫૩૦૨૮.00 |
| કુલ રકમ રૂ. | ૭૫૦૫૪.00 | કુલ રકમ રૂ. | ૫૧૮૩૦૦.00 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં આટલા વર્ષો પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારના પૈસા વગર વ્યાજે વાપર્યા બાદ અરજદારને થયેલા હેરાનગતિ, માનસિક ત્રાસ, ધક્કા તથા સમયનો બગાડ, ગણાતા એક કરોડ રૂપિયા કરતાં વધારે થવા જોઈએ જે અરજદાર માંગી શકતા નથી. આમ, અરજદાર દ્વારા ઉપરોક્ત વ્યાજ સહિતની રકમ રૂ.૫૧૮૩૦૦.૦૦ પરત મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૧ ફોરમની સુનાવણી તા.૧૧.૦૫.૨૦૨૨ દરમ્યાન ઘટતી માહિતી આધાર-પુરાવા સાથે રજુ કરવા સુચના આપેલ જે અન્વયે અરજદારના લેખિત પત્ર તા.૨૭.૦૫.૨૦૨૨ થી રજૂઆત નીચે મુજબ આપેલ છે.

૧) નિયત ભાવપત્રક ઉદ્યોગનગર પેટા વિભાગથી શાપર-વેરાવળ પેટાવિભાગને મોકલાવેલ છે. જે શાપર-વેરાવળ પેટાવિભાગ દ્વારા ખૂબ મોડું અપાયેલ. જે ફક્ત મૌખિક રજૂઆતને કારણે અરજદારે ભરેલ પૈસા લેવાયેલ હશે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી તેમજ પૈસા લઈને પહોંચ આપવામાં આવેલ છે જો પૈસા ભરવાની મંજૂરી ન આપી હોય તો પૈસા જ ન લઈ શકે.

૨) તા. ૧૪-૯-૧૯૯૮ ના રોજ ભાવપત્રક મુજબ પૈસા ભર્યા બાદ તા.૨૨-૧૨-૨૦૦૦ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. અરજદારને વચ્ચે દીવાલ ઊભી કરવાની મૌખિક રીતે કહેલ, તે દિવાલ ઉભી કરેલ છે તેમજ મેઇન રોડ પરના જીઇબીના થાંભલામાંથી વાયર અરજદારના કનેક્શન માંગવાની જગ્યાએ આપી શકાય તે માટે એક એંગલમાં હોલ પાડીને ઉભો કરવાનું કહેલ તે પ્રમાણે કરેલ છે. નાયબ ઈજનેર શ્રી શાપર-વેરાવળ સબ ડિવિઝન દર મહિને રૂબરૂ ચેકિંગમાં આવતા હોવાથી તેમણે માર્ગદર્શન આપ્યા પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

તા. ૧૪-૯-૧૯૯૮ ના રોજ અરજદારે શાપર-વેરાવળ સબડિવિઝન દ્વારા પૈસા ભર્યા બાદ ઉદ્યોગનગર સબડિવિઝન નું નો ડયુ/ નો ડિમાન્ડ સર્ટીફીકેટ રૂબરૂ મૌખિક રીતે શાપર-વેરાવળ સબડિવિઝન દ્વારા કહેવામાં આવતા તા.૧૬-૬-૧૯૯૮ ના રોજ ઉદ્યોગનગર સબડિવિઝનમાં રૂ.૫૦૫૫=૦૦ ભરી નો ડયુ સર્ટીફીકેટ લેખીત રીતે શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીને સુપરત કરેલ છે તેમજ ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીને અરજદારના મીટરો ઉતારવા માટેનો પત્ર પણ નો ડયુ સર્ટીફીકેટ માંગતી વખતે આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

શાપર-વેરાવળ અને ઉદ્યોગનગર સબ ડિવિઝનો દ્વારા અમોએ માંગેલ જગ્યાએ વીજજોડાણ આપવા માટે કોઈ કાર્યવાહી જ કરેલ નથી કારણકે વીજજોડાણની કામગીરી પૂર્ણ કર્યા બાદ કનેક્શન વાયરીંગનો ટેસ્ટ રીપોર્ટ માંગીને વીજજોડાણ અપાતું હોય છે.

૩) ડીસકનેક્શન નોટિસ તા.૧૦-૧૨-૨૦૦૧ ના રોજ આપવામાં આવેલ છે જેની નકલ રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ.ની, વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ તરફથી જણાવાયેલ કે ગ્રાહક દ્વારા તેમના ઔદ્યોગિક વીજજોડાણ નંબર-૩૧૫૦૧/૫૭૯૫૧/૭ તેમજ લાઈટીંગ વીજજોડાણ નંબર-૩૧૫૦૬/૦૭૪૨૬/૦ની શીફટીંગ કરવા માટેની રજૂઆત કરેલ હતી. તેમના વીજ-કનેકશનો અન્ય જગ્યાએ શીફટીંગ માટે નિયત ફોર્મમાં શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ હતી. હાલ શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ આવે છે. સામાન્ય રીતે ગ્રાહક દ્વારા વીજ-કનેકશનની શીફટીંગની અરજી જ્યારે કરવામાં આવે છે ત્યારે નવી જગ્યાના જે-તે પેટાવિભાગીય કચેરી દ્વારા તે જગ્યાએ વીજ-કનેક્શન આપી શકાય તે અંગેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જૂની જગ્યાએ વીજમીટર ઉતારી તેની લેબ-ખરાઈ કરી નવી જગ્યાએ વીજ-પ્રવાહ ચાલુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે.

સદર અરજદારનું વીજમીટર તારીખ:-૦૫.૦૧.૨૦૦૧ના રોજ ઉતારી તારીખ:-૧૧.૦૧.૨૦૦૧ના રોજ લેબરોજકામ કરવામાં આવેલ હતું. એટલેકે ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીમાં તેમણે સદર બંને વીજકનેકશનો રદ કરાવેલ છે. પરંતુ જે નવી જગ્યાએ તેમણે શીફટીંગ માંગેલ હતા ત્યાં જે તે સમયે ગુજરાત

વિદ્યુત બોર્ડની લેણી રકમ ઉભી થતા તે જગ્યા ઉપર વીજ-પ્રવાહ આપી શકાયેલ ન હતા. ત્યારબાદ ગ્રાહક દ્વારા જે રજૂઆત કરેલ હતી, તેમાં તેમણે જે જગ્યાએ શીફટીંગ કરવાનું હતું તે તેની સહયોગી પેઢી અમૃત ટેક્નોકાસ્ટ પ્રા.લી. નું હતું અને તે બીલ તેમના દ્વારા તારીખ:-૩૦.૦૮.૨૦૧૯ના રોજ પૂર્ણ ભરપાઈ થયેલ હતું.

૩.૧ અરજદાર દ્વારા આશરે ૨૨ વર્ષ પછી સદર રજૂઆત કરેલ છે તેમજ સદર રજૂઆત મુજબ ભરેલા પૈસા જેમાં હયાત વીજ-કનેકશનના મીનીમમ ચાર્જ તથા શીફટીંગ ચાર્જ (નોન રીફંડેબલ હેડ) ની રકમ છે જેથી તે રકમ તેઓને મળવા પાત્ર નથી.

૩.૨ વિશેષમાં હાલ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ ઔદ્યોગિક વીજ-જોડાણ શીફટીંગ કરી શકાય તેમ નથી. તેમજ સદર બાબતે અરજદારની રજુઆતના મુદ્દે વિભાગીય કચેરીએ આશરે ૨૨-વર્ષનો સમય થઇ ગયેલ હોય કોઈ પણ જાતના દસ્તાવેજ પુરાવા મળી આવેલ નથી. પરંતુ ગ્રાહક દ્વારા રજુ કરાયેલ પુરાવા ઉપરથી આ વિગત અપાયેલ છે.

3.3 ફોરમની સુચના મુજબ ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ ના પત્ર તા.૧૯.૦૫.૨૦૨૨ મુજબ સદર કેસને લાગુ પડતી બાબતો વર્ષ-૧૯૯૮ થી વર્ષ-૨૦૦૦ ની હોય જે તે વખતે શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીનો રાજકોટ શહેર-૨ હેઠળ સમાવેશ થતો હોવાથી લાગુ પડતી સદર બાબતની માહિતી રાજકોટ શહેર-૨ વિભાગીય કચેરી પાસેથી મળી શકશે.

૩.૪ ફોરમની સુનાવણી તા.૧૧.૦૫.૨૦૨૨ દરમ્યાન અપાયેલ સુચના મુજબ પીજીવીસીએલની વિભાગીય કચેરી શહેર-૨ રાજકોટ ના પત્ર તા.૦૬.૦૬.૨૦૨૨ થી નીચે મુજબની રજૂઆત આપેલ છે.

1. અરજદારના બન્ને વિજજોડાણોની ઓરીજનલ કેસ ફાઇલ રજુ કરવા ફોરમ દ્વારા જણાવેલ જે અન્વયે પીજીવીસીએલની રજૂઆત મુજબ ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૦૪.૦૬.૨૨ મુજબ રેકર્ડ તપાસતા સદર કનેક્શનોની ફાઈલ મળી આવેલ નથી.
2. સદર કનેક્સન ૧૯૯૮ ના વર્ષ દરમિયાન ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીમા હતુ.
3. સદર વિજજોડાણના શિફ્ટિંગ માટે અરજદાર દ્વારા તા:૨૭.૦૧.૧૯૯૮ ના રોજ શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ હતી.
4. ત્યારબાદ શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી દ્વારા સર્વે કરીને ગ્રાહકને "સી" કેટેગરીમા ભાવપત્રક અપાયેલ હતુ આથી સદર કેસને લગતી ટીએસ, કોન્ટ્રાક્ટરને સોપેલ કામગીરીની વિગત વગેરે શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી દ્વારા કરાયલ હોય સદર વિભાગીય કચેરીમા ઉપલબ્ધ નથી.
5. સદર વીજજોડાણની જુની જગ્યાનુ વીજમીટર તા.૦૫.૦૧.૨૦૦૧ ના રોજ ઉતારીને લેબ રોજકામ કરવામા આવેલ હતુ. આમ ઉદ્યોગનગર સબડીવીઝન માથી સદર વીજજોડાણ રદ કરવામાં આવેલ હતુ.
6. અરજદારે નવી જગ્યાએ વીજજોડાણ માંગેલ હતુ જે જગ્યાએ લેણી રકમ નિકળતા વીજજોડાણ આપી શકાયેલ નહોતુ. ત્યારબાદ ગ્રાહક દ્વારા જે રજુઆત કરાવામા આવેલ હતી તેમા જે જગ્યાએ શિફ્ટીંગ કરવાનુ હતુ તે તેની સહયોગી પેઢી અમૃત ટેક્નોકાસ્ટ પ્રા. લી. નુ હતુ અને તે બીલ તા.૩૦.૦૮.૨૦૧૯ ના રોજ ભરપાઈ થયેલ હતુ.
7. આમ, અરજદાર દ્વારા આશરે ૨૨ વર્ષ પછી રજૂઆત કરેલ છે વધુમાં અરજદાર દ્વારા ભરપાઈ કરેલ રકમ હયાત વીજ-કનેકશનના મીનીમમ ચાર્જ તથા શીફટીંગ ચાર્જ (નોન રીફંડેબલ હેડ)ની છે

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત તા.૨૭.૦૧.૧૯૯૮ મુજબ તેઓના વીજજોડાણ ગ્રાહક નંબર-૩૧૫૦૧/૫૭૯૫૧/૭ (૨૦ હોપા) તથા લાઈટીંગ વીજજોડાણ નંબર-૩૧૫૦૬/૦૭૪૨૬/૦ જે ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી હેઠળ નારણભાઈ જે. પટેલ C/o, તંતી ફાઉન્ડ્રી રાજકોટ ખાતે આવેલ વીજજોડાણ ધરાવે છે જે બંધ કરીને શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીમાં શિફ્ટ કરવા અરજી તા.૨૭-૦૧-૧૯૯૮ થી કરેલ હતી.

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૨૭.૦૩.૧૯૯૮ ના રોજ ઉપરોક્ત વીજજોડાણો શિફ્ટિંગ કરવા માટે શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીમાં જરૂરી અરજી સાથે જોડેલ આધાર-પુરાવા મુજબ વેરાવળના સર્વે નંબર : ૨૩૬ પ્લોટ નં – ૨૨ માં શ્રી અમૃત ટેકનોકાસ્ટ પ્રા. લી. ની માલિકીની જગ્યા રૂ.૨૦/- ના નોન્જ્યુડીસીયલ નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર તા.૨૫.૦૩.૧૯૯૮ થી ભાડાકરાર કરેલ હોય તેની નકલ જોડેલ છે.

૪.૨ અરજદારની અરજીના અનુસંધાને ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૬.૦૬.૧૯૯૮ ના રોજ "નો ડ્યુ સર્ટીફીકેટ" અરજદાર દ્વારા રજુ કરેલ છે તે મુજબ ગ્રાહક નં ૩૧૫૦૧/૫૭૯૫૧/૭ (૨૦ હોપા) તથા લાઈટીંગ વીજજોડાણ નંબર-૩૧૫૦૬/૦૭૪૨૬/૦ માં કોઈ બાકી લેણી રકમ નથી. સદર સર્ટીફીકેટ અરજદાર દ્વારા તા.૧૬.૦૬.૧૯૯૮ થી શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીને આપેલ છે તે પત્રની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી દ્વારા સદર કનેક્શનો શિફ્ટિંગ કરવા માટે નિયત ભાવપત્રક ક્રમાંક નં – આર.સી.ડી. ૯૩૬૨ અને ૯૩૬૩ તા.૨૨.૦૭.૧૯૯૮ થી અનુક્રમે નીચે મુજબના ચાર્જ આકારણી કરેલ છે.

| વિગત | જોડાણ નંબર - ૩૧૫૦૧/૫૭૯૫૧/૭<br>ભાવપત્રક નં-આર.સી.ડી. ૯૩૬૨ તા.૨૨.૦૭.૧૯૯૮ | ગ્રાહક નંબર - ૩૧૫૦૬/૦૭૪૨૬/૦<br>ભાવપત્રકનં- આર.સી.ડી.૯૩૬૩ તા.૨૨.૦૭.૧૯૯૮ |
|---|---|---|
| લાઈન અને સર્વિસ ચાર્જ | ૪૪૩૫.૦૦ | ૪૫૦.૦૦ |
| અનામતની રકમ | ૨૪૦૦.૦૦ | ૬૦.૦૦ |
| એગ્રીમેન્ટ ફી | ૨૦.૦૦ | ૦૦.૦૦ |
| ટોટલ | ૬૮૫૫.૦૦ | ૫૧૦.૦૦ |
| ભાવપત્રક ભરવાની મુદત | તા.૨૧.૦૮:૧૯૯૮ સુધી | તા.૨૧.૦૮.૧૯૯૮ સુધી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત રકમ અરજદાર દ્વારા રજુ કરેલ પહોચ મુજબ તા.૧૪.૦૯.૧૯૯૮ થી ભરપાઈ કરેલ છે. ગુજરાત વિદ્યુતબોર્ડ -શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૦૨.૦૨.૨૦૦૦ ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી રાજકોટને સંબોધીને લખેલ છે તે મુજબ સદર વીજજોડાણો માટેનું વાયરીંગ કામ સ્થળ તપાસ તા.૩૧.૦૧.૨૦૦૦ ના રોજ પૂર્ણ કરેલ છે જેથી સદર વીજજોડાણો ફેરવવાની કાર્યવાહી કરવા જણાવેલ છે તેમજ સદર વીજજોડાણોના સંપૂર્ણ નાણા ભરાયાની છેલ્લી વિગત અને તાજો ટેસ્ટરીપોર્ટ રજુ થયા બાદ વીજજોડાણ ચાલુ કરી શકાશે.

ઉપરોક્ત અનુસંધાને ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૧૫.૦૧.૨૦૦૧ ના પત્રની નકલ અરજદાર દ્વારા રજુ કરેલ છે તે મુજબ સદર પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહક નંબર-૩૧૫૦૧/૫૭૯૫૧/૭ (૨૦ હોપા) તથા લાઈટીંગ વીજજોડાણ નંબર-૩૧૫૦૬/૦૭૪૨૬/૦ ના બન્ને જોડાણો શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં ફેરવવાની કાર્યવાહી માટે NOC માંગેલ જેથી બન્ને

વીજજોડાણોના મીટરો ઉતારી પેપરપેક કરેલ છે, જે લેબમાં ખુલતા બન્ને મીટરો બરાબર છે જેથી શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં બન્ને વીજજોડાણ ચાલુ કરવા જાણ કરેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબની વિગતે શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૦૮.૦૨.૨૦૦૧ થી કાર્યપાલક ઈજનેર શહેર-૨ વિભાગીય કચેરીને સંબોધીને લખેલ છે તેની નકલ અરજદાર દ્વારા રજુ કરેલ, તે મુજબ સદર અરજદાર દ્વારા ઉપરોક્ત બન્ને વીજજોડાણો ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીમાંથી શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીમાં શિફ્ટિંગની અરજી મુજબ જે જગ્યામાં સદર વીજજોડાણો શિફ્ટિંગ કરવાનાં છે તે જગ્યામાં આવેલ અમૃત ટેકનોકાસ્ટ પ્રા.લી. ૨૦૦ કેવીએ HT કનેક્શન નંબર- 25856 માં તા.૨૨.૧૨.૨૦૦૦ ના રોજ જોડાણ ચેક કરતા વિદ્યુતબોર્ડ તરફથી રૂ.૫૪૬૧૪૮૯/૯૫ નું પાવરચોરીનું બીલ આપેલ છે, જે રકમ બાકી છે તો આ જગ્યામાં નારણભાઈ જાદવજીભાઈ પટેલ ના નામે થી ફેઇઝ ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન અને લાઈટીંગ કનેક્શન આપવા માટેની કાર્યવાહી કરી શકાય કે નહિ, હાલમાં શિફ્ટિંગ કનેક્શન કરવામાં ૨૫ કેવીએ માંથી ૬૩ કેવીએ ટ્રાન્સફોર્મર કરીને કનેક્શન આપી શકાય, હાલ સુધી આ કામ કરેલ નથી તો સદર વીજજોડાણો શિફ્ટિંગ કરવાની કાર્યવાહી કરી શકાય કે નહિ તેનું માર્ગદર્શન માંગવામાં આવેલ છે જે અનુસંધાને વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ દ્વારા અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી જીઇબી – રાજકોટને તા.૦૯.૦૨.૨૦૦૧ થી સદર વીજજોડાણ શિફ્ટિંગ કરવા અંગેનું માર્ગદર્શન માંગેલ.

૪.૪ અરજદારના બન્ને વીજજોડાણોની શિફ્ટિંગ અંગેની કાર્યવાહી ન થતા અરજદારે મુખ્ય ઈજનેર ગુજરાત વિદ્યુત બોર્ડ વડોદરાને તા.૦૭.૦૫.૨૦૦૧ થી અરજી આપેલ છે તેમાં કરાયેલ રજૂઆત મુજબ નારણભાઈ જે. પટેલ આદિત્ય એસોસિએટસના પ્રોપ્રાઈટર અને અમૃત ટેકનોકાસ્ટમાં ડાયરેકટર છે અને મર્યાદિત હિસ્સો ધરાવે છે તેમજ વીજજોડાણ શિફ્ટિંગ કરવાની અરજીની તારીખે કે નિયત ભાવપત્રક ભર્યાની તારીખે અમૃત ટેકનોકાસ્ટ પર બોર્ડનું કોઈ લેણું ન હતું. અમૃત ટેકનોકાસ્ટનું વીજજોડાણ તા.૨૨.૧૨.૨૦૦૦ ના રોજ ચેકિંગ મુજબ થેફ્ટ બીલ અપાયેલ છે. આમ, ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી અને શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી દ્વારા વીજજોડાણ શિફ્ટિંગ કરવાની કાર્યવાહી સમયસર કરેલ નથી. જે અનુસંધાને ગુજરાત વિદ્યુત બોર્ડની રાજકોટ વર્તુળ કચેરીના પત્ર નં – ૨૩૦૯ તા.૦૭.૦૬.૨૦૦૧ ની નકલો અરજદારે રજુ કરેલ છે તે મુજબ અરજદારે જે જગ્યાએ શિફ્ટિંગ માંગેલ છે તે જગ્યાએ વીજચોરી પકડાતા અપાયેલ બીલની રકમ ભરપાઈ થયેલ ન હોય સદર વીજજોડાણોના શિફ્ટિંગની કાર્યવાહી હાથ ધરી શકાય નહિ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ત્યારબાદ અરજદારના પત્ર તા.૦૭.૦૯.૨૦૦૧ થી શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીમાં અરજી આપેલ છે તેની નકલ રજુ કરેલ છે તે મુજબ શિફ્ટિંગ અન્વયે સર્વિસ કનેક્શન ખર્ચના રૂ.૭૩૬૫/- તા.૧૪.૦૯.૧૯૯૮ ના રોજ ભરેલ તે જોડાણ હજુ સુધી શિફ્ટિંગ થઇ શકેલ ન હોય તે રકમ વ્યાજ સહીત પરત આપવા રજૂઆત કરેલ છે અને અરજદાર દ્વારા તા.૦૭.૦૯.૨૦૦૧ ના પત્રથી ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરીને અરજી કરેલ છે તે મુજબ માહે જાન્યુઆરી-૧૯૯૮ થી કનેક્શનનો વપરાશ બંધ કરેલ હોય છેલ્લા રીડીંગ ચકાસીને જાન્યુઆરી-૧૯૯૮ થી જાન્યુઆરી-૨૦૦૧ સુધી લેવાયેલ મીનીમમ ચાર્જ પરત કરવા રજૂઆત કરેલ છે.

ઉપરોક્ત બાબતે અરજદારે તા.૦૭.૧૦.૨૦૦૧ થી શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીને અરજી કરેલ છે તેની નકલ રજુ કરેલ તે મુજબ વીજજોડાણ શિફ્ટિંગ માટે ભરપાઈ કરેલ સદર રકમ રૂ.૭૩૬૫/- પરત મેળવવા માટે ઓરીજીનલ રસીદ સદર અરજી સાથે સામેલ કરેલ છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબની વિગતે શહેર વિભાગીય કચેરી નં -૨ રાજકોટના પત્ર ૯૬૭૬ તા.૧૯.૦૧.૨૦૦૨ થી આદિત્ય એસોસિએટ C/o, નારણભાઈ જે. પટેલને સંબોધીને લખેલ છે તેની નકલ

અરજદારે રજુ કરેલ છે તે મુજબ બોર્ડની લેણી રકમ રૂ.૧૧૧૭૦૮૮/૮૨ બાકી નીકળતી હોવાથી તેમજ પાવર ચોરીના બીલની રકમ સામે ૭૨/૨૦૦૧ થી દાવો કરેલ હોવાથી ડીપોઝીટ તેમજ કનેક્શન શિફ્ટિંગની રકમ અરજદાર અમૃત ટેકનોકાસ્ટની પેઢીમાં ભાગીદાર હોવાથી સદર રકમ રીફંડ મળી શકે નહિ.

ઉપરોક્ત દાવા ૭૨/૨૦૦૧ અને ૫૧/૨૦૦૨ બાબતે નામદાર દ્વિતીય સીનીયર સિવિલ જજ - ગોંડલ જી.રાજકોટ દ્વારા કરાયેલ હુકમ તારીખ તા.૨૮.૦૩.૨૦૧૬ ના પાનાં નં-૭૭ ના મુદ્દા નં (૧) મુજબ SPCS 72/2001 નો દાવો ગ્રાહ્ય રાખેલ નથી. મુદ્દા નં (૨) મુજબ SPCS 51/2002 નો દાવો અંશત: ગ્રાહ્ય રાખેલ છે અને મુદ્દા નં (૩) મુજબની વિગતે અરજદાર પાસેથી રૂ.૧૦,૨૩,૪૬૦/૮૨ ની રકમ વ્યાજ સહિત ૯% વાર્ષિક વ્યાજદર મુજબ સિવિલ સ્યુટ દાખલ કરેલ તારીખથી સદર રકમ ભરપાઈ કરાયાની તારીખ સુધી વસુલવી.

૪.૭ અરજદારની અરજી તા.૨૦.૦૧.૨૦૨૨ થી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટને સંબોધીને લખેલ છે જેની નકલ અરજદારે રજુ કરેલ તે મુજબ અમૃત ટેકનોકાસ્ટ પ્રા. લી. ની લેણી રકમ રૂ.૨૪૧૭૮૮૭/- તા.૧૬.૦૩.૨૦૧૯ અને રૂ.૧૯૬૦૮૫/- તા.૩૦.૦૮.૨૦૧૯ ના રોજ ચૂકતે કરેલ હોય, વીજજોડાણ ગ્રાહક નંબર-૩૧૫૦૧/૫૭૯૫૧/૭ શાપર-વેરાવળ મુકામે વીજજોડાણ ગ્રાહક ૨૨-જયકૃષ્ણ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં શિફ્ટિંગ કરી આપવા રજૂઆત કરેલ છે. ત્યારબાદ અરજદારે તા.૦૫.૦૨.૨૦૨૨ ના નાયબ ઈજનેર શાપર-વેરાવળ કચેરીને સંબોધીને પત્ર લખેલ છે તેની નકલ ફોરમને રજુ કરેલ છે તે મુજબ ઉપરોક્ત વીજજોડાણ શિફ્ટિંગ કરી આપવા રજૂઆત કરેલ છે જે અન્વયે શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીના પત્રથી અરજદારને જાણ કરેલ છે તે મુજબ સદર બન્ને વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાયેલ હોય વીજજોડાણ શિફ્ટિંગ કરવાની કાર્યવાહી થઇ શકે નહિ.

૪.૮ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારે ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી હેઠળના વીજજોડાણો ગ્રાહક નં ૩૧૫૦૧/૫૭૯૫૧/૭ (૨૦ હોપા) તથા લાઈટીંગ વીજજોડાણ નંબર-૩૧૫૦૬/૦૭૪૨૬/૦ શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં વેરાવળના સર્વે નંબર :૨૩૬ પ્લોટનં-૨૨ માં શ્રી અમૃત ટેકનોકાસ્ટ પ્રા. લી. ની માલિકીની જગ્યામાં શિફ્ટિંગ માટે તા.૨૭.૦૩.૧૯૯૮ થી અરજી કરેલ છે જે અન્વયે ભાવપત્રક તા.૧૪.૦૯.૧૯૯૮ થી ભરપાઈ કરેલ છે. ત્યારબાદ જરૂરી NOC તા.૧૬.૦૬.૧૯૯૮ અને તા.૦૪.૦૧.૨૦૦૧ થી ઉદ્યોગનગર પેટાવિભાગીય કચેરી દ્વારા અપાયેલ છે આ દરમ્યાન અરજદારનું જે વીજજોડાણ શિફ્ટિંગ કરવાનું છે તે જગ્યામાં જે તે વખતે ગુજરાત વિદ્યુતબોર્ડ દ્વારા કારાયેલ ચેકિંગ તા.૨૨.૧૨.૨૦૦૦ અન્વયે વીજચોરીનું બીલ અમૃત ટેકનોકાસ્ટ પ્રા. લી. ને આપેલ છે જે ધ્યાને આવતા સદર અરજદાર તે જગ્યામાં ભાગીદાર હોવાથી જે તે વખતે શિફ્ટિંગની કાર્યવાહી કરાયેલ નથી.

ત્યારબાદ અરજદાર દ્વારા સદર બન્ને વીજજોડાણ શિફ્ટિંગ કરવા અન્વયે ભરપાઈ કરેલ રકમ રીફંડ મેળવવા માટે તા.૨૩.૦૮.૨૦૦૧, તા.૦૭.૦૯.૨૦૦૧, તા.૦૭.૧૦.૨૦૦૧, તા.૨૫.૧૦.૨૦૦૧ અને તા.૧૫.૦૧.૨૦૦૨ અરજી કરેલ છે તેમજ જરૂરી રસીદો જે તે કચેરીને જમા કરાવેલ છે. ત્યારબાદ અરજદારની અરજી તા.૨૫.૦૬.૨૦૦૧, તા.૨૦.૦૧.૨૦૨૨ અને તા.૦૫.૦૨.૨૦૨૨ ના રોજ અરજદાર દ્વારા કરાયેલ પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં અમૃત ટેકનોકાસ્ટ પ્રા. લી. માં જી.ઈ.બી.ની લેણી રકમ તા.૧૬.૦૩.૨૦૧૯ અને તા.૩૦.૦૮.૨૦૧૯ ના રોજ ચૂકતે કરેલ હોય ઉપરોક્ત સદર વીજજોડાણો શિફ્ટિંગ કરી આપવા વિનંતી કરેલ છે.

સદર કેસ ખુબજ જુનો હોય તેમજ હાલમાં અરજદારની જે તે વીજજોડાણની ઓરીજીનલ કેસ ફાઈલ સામેવાળા પાસે ઉપલબ્ધ ન હોવાથી અરજદાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવાની ખરાઈ ન થઈ શકવાના કારણોસર તેમજ અરજદાર દ્વારા માહે જાન્યુઆરી-૨૦૦૨ થી માહે જાન્યુઆરી-૨૦૨૨ સુધીના આશરે ૨૦ વર્ષના સમયગાળામાં અરજદાર દ્વારા સદર બાબતે સામેવાળાની સબંધક કચેરીનો સંપર્ક કરેલ હોય તેવા કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી. આ સંજોગોમાં અરજદારની અરજી મુજબ એસ્ટીમેટના ભરેલ પૈસા વ્યાજ સહીત પરત મેળવવાની રજૂઆત અન્વયે સામેવાળા દ્વારા રીફંડ અપાયેલ છે કે નહિ તે સ્પષ્ટ થતું નથી. તદઉપરાંત સદર કેસ આશરે ૨૦ વર્ષ જુનો હોય અને પીજીવીસીએલ પાસે અરજદારનો રેકર્ડ ઉપલબ્ધ નથી અને બન્ને કનેક્શન કાયમી ધોરણે રદબાતલ કરાયેલ હોય અરજદારની શિફ્ટિંગની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

વધુમાં અરજદાર દ્વારા ભરપાઈ કરેલ રકમ વીજજોડાણના મીનીમમ ચાર્જના હોવાથી અને શિફ્ટિંગ ચાર્જની રકમ નોન રીફંડેબલ હોવાથી સદર રકમ પરત મળવા પાત્ર નથી. જ્યારે ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબની વિગતે અરજદાર દ્વારા બન્ને વીજજોડાણ અન્વયે ભરપાઈ કરેલ ફક્ત અનામતની રકમ રીફંડ અપાયેલ છે કે નહિ તેનો રેકર્ડ વેરીફાય કરીને અનામતની રકમ રીફંડ આપવાની જો બાકી હોય તો, ડીપોઝીટ રીફંડ આપવા અંગેની નિયમાધીન કાર્યવાહી અનુસરીને અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ-૩૦ માં રીફંડ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે, તેમજ કરાયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ દિવસ-૩૦ માં અત્રેના ફોરમને પાઠવવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧